પ્રતિ,
**આચાર્યશ્રી, (તમામ)**
વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
ગુજરાત રાજ્ય.

**વિષય : ઉ.મા.પ્ર.પરીક્ષા વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર પધ્ધતિ અન્વયે સેમેસ્ટર લગતી માર્ગદર્શક સુચનાઓ.**

સંદર્ભ : ૧. આ કચેરીનો પરિપત્ર ક્રમાંકઃમઉમશબ/ક/૮૭૮ તા.૧૧/૭/૨૦૧૧
૨. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ મશબ/૨૦૦૫/૧૨૩૩/છ તા.૨૧/૯/૨૦૧૧.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, સંદર્ભ–૧માં દર્શાવેલ પરિપત્રથી ઉ.મા.પ્ર. પરીક્ષા વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર પધ્ધતિ બાબતે વિગતવાર માર્ગદર્શક સુચનાઓ આપવામાં આવેલ હતી. આમ છતાં વાલી અને વિદ્યાર્થીઓ દ્વારા સેમેસ્ટર પધ્ધતિ અંગે ઘણી બધી પૃચ્છાઓ થાય છે તે બાબતે સંદર્ભ–૧માં દર્શાવેલ સુચનાઓ ઉપરાંત સંદર્ભ–૨માં ઠરાવેલ જોગવાઈઓ અનુસાર નીચે મુજબની માર્ગદર્શક સુચનાઓ આપવામાં આવે છે.

(૧) ઉ.મા.પ્ર.પરીક્ષાના વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર પધ્ધતિમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી તેનું પરિણામ સુધારવા માટે તેણે મેળવેલ ગુણપત્રક બોર્ડમાં જમા કરાવીને પુનઃ પરીક્ષામાં બેસવા માટેની કોઈ જોગવાઈ નથી.

(૨) A ગૃપ સાથે અભ્યાસ કરતો વિદ્યાર્થી જો B ગૃપ લેવા ઈચ્છતો હોય તો તે ધોરણ–૧૧માં પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવી અભ્યાસ કરી શકશે. (વિનિયમ ક્રમાંકઃ ૩૧(૮))

(૩) કોઈપણ માન્ય બોર્ડમાંથી ધોરણ–૧૧ કે ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરેલ હોય અને ધોરણ–૧૨માં અનુતિર્ણ થયેલ હોય તેવો વિદ્યાર્થી જો ધોરણ–૧૧ અને ૧૨ (ઉચ્ચતર માધ્યમિક અભ્યાસ) વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરવા ઈચ્છતો હોય તો તે ધોરણ–૧૧ના પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ લઈ અભ્યાસ કરી શકશે. ( વિનિયમ ક્રમાંકઃ ૩૧(૯))

(૪) વિજ્ઞાન પ્રવાહ ધોરણ–૧૧ પ્રથમ સેમેસ્ટર, બીજા સેમેસ્ટરમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી પુનઃ ધોરણ–૧૧ પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવી શકશે નહી કે ક્રમ–૨માં દર્શાવ્યા સિવાય તે ગૃપ પણ બદલી શકશે નહી.

(૫) જે ઉમેદવાર ઉ.મા.પ્ર.પરીક્ષામાં વિજ્ઞાન પ્રવાહ, ઉ.ઉ.બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહમાં એક વાર ઉપસ્થિત થયેલ હોય તો અને તે ઉત્તિર્ણ કે અનુતિર્ણ થયો હોય તે સામાન્ય પ્રવાહની ઉ.મા.પ્ર.પરીક્ષામાં ખાનગી ઉમેદવાર તરીકે બેસી શકશે તેમજ ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહ ઉ.મા.પ્ર.પરીક્ષા પાસ કરેલ ઉમેદવાર ધોરણ–૧૧ સામાન્ય પ્રવાહ સિવાયના અન્ય પ્રવાહમાં પ્રવેશ મેળવી શકશે.

(૬) પ્રથમ સેમેસ્ટરમાં જુથ–૧, જુથ–૨ અને જુથ–૩માં જે વિષયો રાખેલ તે વિષયો તમામ સેમેસ્ટરમાં રાખવાના રહેશે. વિષય બદલી શકાશે નહી.

(જી.એમ.રબારી)
પરીક્ષા સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.